# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી



| | | | |
|---|---|---|---|
| ગાંધીનગર વન વિભાગ, | ફોન | : | ૦૭૯-૨૩૨-૨૧૨૬૦ |
| ઘ-૪ નર્સરી, સેકટર-૧૭, | ફેકસ | : | ૦૭૯-૨૩૨-૩૯૮૭૨ |
| ગાંધીનગર | ઇ-મેલ | : | dcf-gnr@gujarat.gov.in |
| **જાવક ક્રમાંક:** વસંઘા/૧૩/ક/૨૦૨૧-૨૨/ ૪૭૪ | | | **તારીખ:** ૨૨/૧૦/૨૦૨૧ |



**પ્રતિ,**
ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ લી.
જી.એસ.પી.એલ.ભવન,
ઇ-૧૮, જી.આઇ.ડી.સી.ઇલેકટ્રોનિક એસ્ટેટ,
સેકટર-૨૬, ગાંધીનગર.

**વિષય:-** Centre of Excellence Project Diversion of **0.0095 Ha.** Protected Forest land (Road Side Strip Land) for Entry to GSPL'S Plot No.S1,GIDC Electronics Esrare Sector-26 Gandhinagar Request for Granting Permission. **(0.0095 Ha.)**

**સંદર્ભ:-** મુ.વ.સં.શ્રી, વન વર્તુળ, ગાંધીનગરના પત્રાંક: વસંઘા/૧૭/બ/૩૨૫૭, તા.૧૮/૧૦/૨૦૨૧

**મહાશય,**

જય ભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સદર દરખાસ્તમાં નીચે મુજબની ક્ષતિઓ હોઇ પૂર્તતા માટે ઉકત સંદર્ભ પત્રથી પરત કરવામાં આવેલ છે. તો નીચે જણાવેલ ક્ષતિઓની પૂર્તતા મુદ્દાવાર કરી અત્રે તાત્કાલિક અહેવાલ મોકલી આપવી. જેથી અત્રેથી આગળની જરુરી ઘટિત કાર્યવાહી હાથ ધરી શકાય.

(૧) પાર્ટ-૧ તથા ડિમાન્ડ લેટરમાં એજન્સી તરફથી થયેલ સહી અલગ અલગ જણાય છે. તો આ વિસંગતતાની સ્પષ્ટતા કરવી તથા દરખાસ્તમાં એજન્સીના અધિકારીનું નામ, સિકકો અને સહી કરવાનો રહેશે.

(૨) સદર રોડની એન્ટ્રી આપવા બાબતે માર્ગ અને મકાન વિભાગનું ના વાંધા પ્રમાણપત્ર દરખાસ્ત સાથે સામેલ રાખેલ નથી. તો આ પ્રમાણપત્ર યુઝર એજન્સી પાસેથી મેળવ્યા બાદ જ દરખાસ્ત અત્રે સાદર કરવી.

(૩) જી.એસ.પી.એલ. ને ફાળવેલ પ્લોટમાં આવવા જવાનો કાયદેસરનો રસ્તો પ્લોટથી કેટલા મીટર દુર આવેલ છે. તેની વિગત જણાવવી તથા આ રસ્તાની વિગત યોગ્ય રીતે દર્શાવેલ નથી. તેમજ નકશામાં અધિકૃત અધિકૃત અધિકારીના સહી સિકકા નથી. તો નકશામાં યોગ્ય રેફરન્સ (સમજુતી) દર્શાવી નકશો સાદર કરવો. તથા માંગણીવાળો રસ્તો પણ આ નકશામાં દર્શાવવો. જેથી રસ્તા અંગે સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

(૪) એજન્સીએ પ્રોટકેટેડ ફોરેસ્ટ વિસ્તારમાંથી રસ્તાની માંગણી બાબતે જે કારણ આપેલ છે. જે યોગ્ય જણાતું નથી. પ્રોટેકટેડ ફોરેસ્ટ વિસ્તારમાંથી ક રોડ પર સીધો રસ્તો આપવાથી અકસ્માત વધું થવાની સંભાવના છે. તો તે બાબતે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પ્રશ્નો બાબતે વિસ્તૃતમાં અહેવાલ સાદર કરવો.

**નાયબ વન સંરક્ષક**
**ગાંધીનગર**

D:\FCA\2021-2022\યુ.એ. લેટર (પી.એફ. - નોન પી.એફ.).docx